©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

PUBLISHED BY AUTHORITY

Vol. LXVII] THURSDAY, JUNE 4, 2026 / JYAISTHA 14, 1948 [No. 23

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IV-C

Statutory Rules and Orders (Other than those published in Part I, I-A and I-L) made by Statutory Authorities other than the Government of Gujarat including those made by the Government of India, the High Court, the Director of Municipalities, the Commissioner of Police, the Director of Prohibition and Excise, the District Magistrates and the Election Commission, Election Tribunals, Returning Officers and other authorities, under the Election Commission.

કલેક્ટર અને જિલ્લા મેજિસ્ટ્રેટની કચેરી

હુકમ

જિલ્લા સેવા સદન, ગાંધીનગર, ૧૮મી મે, ૨૦૨૬

વંચાણમાં લીધુ:

- પોલીસ અધીક્ષકશ્રી,ગાંધીનગરનાઓના તા.૦૯/૦૩/૨૦૨૬ના પત્ર ક્રમાંક એલ.આઈ.બી/ વહટ/ડી.જે.જાહેરનામું/૧૯૦૦/૨૦૨૬

ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા, ૨૦૨૩ની કલમ-૧૬૩ હેઠળ હુકમ

નં. ડીસી/જાહેરનામું/વશી.૫૦૬૫ થી ૫૦૯૬/૨૦૨૬ - ગાંધીનગર એ ગુજરાતનું પાટનગરનું શહેર છે. ગાંધીનગર શહેરી વિસ્તારમાં વિધાનસભા, સચિવાલય, રાજભવન, મંત્રીશ્રીઓના નિવાસસ્થાનો, વિવિધ સરકારી અર્ધ સરકારી વિભાગોની વડી કચેરીઓ,ઉદ્યોગભવન,બહુમાળી મકાન, સદસ્ય નિવાસ, મહાત્મા મંદિર, ધ લીલા હોટલ, રેલ્વે સ્ટેશન, શાળા-કોલેજો, મોટી હોસ્પિટલો, સરકારી/અર્ધ સરકારી ઈમારતો ઉપરાંત જિલ્લા વિસ્તારમાં ગીફ્ટ સીટી,અડાલજની ઔતિહાસિક વાવ, ત્રીમંદિર, મહુડી ઘંટાકર્ણ મંદિર, ડભોડા હનુમાનજી મંદિર આવેલા છે.

ડી.જે. ટ્રકો દ્વારા થતાં ધ્વની પ્રદુષણ અટકાવવા માટે ડી.જે. ટ્રકો/લાઉડ સ્પીકરો વગાડવા બાબતે ગુજરાત પોલ્યુશન કંટ્રોલ બોર્ડના તા.૩/૧૨/૨૦૧૯ના નોટીફિકેશનથી પર્યાવરણ (સંરક્ષણ) અધિનિયમ-૧૯૮૬ હેઠળ જારી કરાયેલ અવાજ પ્રદુષણ (નિયમન અને નિયંત્રણ) નિયમો-૨૦૦૦ના નિયમ-૫(૩) દ્વારા બહાર પાડવામાં આવેલ નોટીફિકેશન આધારે સરકારશ્રીના ગૃહ વિભાગના તા.૧૬/૦૬/૨૦૨૫ના રોજ પરિપત્ર બહાર પાડી નિયમોનુસારની કાર્યવાહી કરવા જણાવવામાં આવેલ છે.

ગાંધીનગર જિલ્લામાં કોઈ પણ પ્રકારની જાહેર સુલેહ શાંતિનો ભંગ ન થાય અને જાહેર શાંતિ સલામતિ અને કાયદા પ્રત્યે માન જળવાય તેમજ કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તે માટે નીચે જણાવ્યા મુજબના નિયમોને આધિન રહી જાહેરહિતમાં નીચેના કૃત્યોની મનાઈ કરવી જરૂરી છે.

સબબ, હું રવિન્દ્ર ખતાલે આઇ.એ.એસ., જિલ્લા મેજિસ્ટ્રેટ, ગાંધીનગર ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા, ૨૦૨૩ની કલમ-૧૬૩ થી મને મળેલ સત્તાની રૂએ હુકમ કરૂ છું કે, ગાંધીનગર જિલ્લાના સમગ્ર વિસ્તાર(ગાંધીનગર શહેર સહિત)માં સરકારશ્રીના ગૃહ વિભાગના

તા.૧૬/૦૬/૨૦૨૫ના પરિપત્ર ક્રમાંક HD/COU/e-file/8/2023/0331/M/P.F. થી આપવામાં આવેલ ડીજે/લાઉડસ્પીકર વગાડવા માટેની સ્ટાન્ડર્ડ ઓપરેટીંગ પ્રોસીજર (SOP) નું ચૂસ્તપણે પાલન કરવા તથા નીચે જણાવેલ સમય માટે નીચેના કૃત્યો કરવા પર પ્રતિબંધ ફરમાવું છુ.

દરેક માઈક સીસ્ટમવાળાએ અવાજના પ્રદુષણને અટકાવવા અંગે નામદાર સુપ્રીમ કોર્ટના વખતો વખતના ચૂકાદાના નિર્દેશો તથા ગુજરાત પોલ્યુશન કંટ્રોલ બોર્ડ પર્યાવરણ ભવનના નં.ગુપ્રનિબોર્ડ/નોઈસ/યુનિટ-૪/જન-પીએન-૫/૫૧૨૫૨/તા.૧૪/૦૫/૨૦૧૦ થી ઘોંઘાટ ઉત્પન્ન કરતાં અને ઉપજાવતાં સ્ત્રોતોના નિયંત્રણ અને નિયમન માટે ભારત સરકારના પર્યાવરણ અને વન મંત્રાલય દ્વારા પર્યાવરણ (સુરક્ષા) અધિનિયમ-૧૯૮૬ની કલમ-૬ તથા ૨૫ હેઠળ ધ્વનિ પ્રદુષણ (નિયમન અને નિયંત્રણ) નિયમો-૨૦૦૦નું તા.૧૪-ફેબ્રુઆરી-૨૦૦૦નું જાહેરનામું પ્રસિદ્ધ કરાયેલ છે.જેમાં તા.૧૧/૧/૨૦૧૦ ના રોજ આ નિયમોમાં સુધારો કરવામાં આવેલ છે. જે પ્રમાણે ધ્વનિ પ્રદુષણ નિયમો-૨૦૦૦ અન્વયે ધ્વનિની માત્રાના ધોરણો નીચે મુજબ નકકી કરવામાં આવેલ છે તેનું ચૂસ્તપણે પાલન કરવાનું રહેશે.

નોઈઝ સ્ટાન્ડર્ડ

એરીયા કોડ વિસ્તાર		**ડેસીબલ DB(A)Leq**	
		સવારના ક.૦૬:૦૦ થી રાત્રીના ક.૨૨:૦૦	**રાત્રીના ક.૨૨:૦૦ થી સવારના ક.૦૬:૦૦**
એ	ઔદ્યોગિક	૭૫	૭૦
બી	વાણિજ્ય	૬૫	૫૫
સી	રહેણાંક	૫૫	૪૫
ડી	શાંત વિસ્તાર	૫૦	૪૦

પ્રતિબંધિત કૃત્ય

- માઈક સીસ્ટમ ભાડે આપનાર માલિક/ભાગીદાર, સંચાલક, મેનેજર, ઈવેન્ટ મેનેજર સમગ્ર ગાંધીનગર જિલ્લાના વિસ્તારમાં વરઘોડા, રાજકીય, સામાજિક અથવા ધાર્મિક શોભાયાત્રા, રેલી સરઘસમાં જાહેર રસ્તા કે જાહેર જગ્યામાં ઉપયોગ માટે તેમજ પાર્ટી પ્લોટ, ખુલ્લી જગ્યા, રહેણાકોની પાસે નજીકમાં આવેલ ખાનગી માલિકીની ખુલ્લી જગ્યામાં ઉપયોગ માટે માઈક સીસ્ટમ ભાડે આપી શકશે નહી.
- હોસ્પીટલો, શૈક્ષણિક સંસ્થાઓ, અદાલતો અને ધાર્મિક સ્થળોની આજુબાજુના ૧૦૦ મીટરના ઘેરાવાનાં વિસ્તારને શાંત તરીકે ગણવામાં આવે છે જેથી શાંત વિસ્તારની આજુબાજુમાં માઈક સીસ્ટમનો ઉપયોગ થઈ શકે નહી.
- એકબીજા પ્રત્યે ઉશ્કેરણી થાય અને કોમ્યુનલ લાગણી ઉશ્કેરાય તેવા ઉચ્ચારણો /ગીતોનો માઈક સીસ્ટમમાં ઉપયોગ કરવો નહીં.
- રસ્તાની ડાબીબાજુ ચાલવા, ટ્રાફીકને અડચણ ન થાય તથા ટ્રાફીકના તમામ નિયમો/ કાયદાઓનો અમલ કરવા તેમજ નાચગાન/ગરબા જાહેરમાર્ગમાં રોકાઈને કરવા નહી.
- ડી.જે. સીસ્ટમ એમ્બીઅન્ટ એર ક્વોલીટી સ્ટાન્ડડ ઈન રીસ્પેકટ ઓફ નોઈઝ અંગે નામદાર સુપ્રિમ કોર્ટના વખતો વખતના ચૂકાદાનો નિર્દેશ તથા ધી નોઈઝ પોલ્યુશન (રેગ્યુલેશન એન્ડ કંટ્રોલ) રૂલ્સ ૨૦૦૦ના ઈન્વાયરમેન્ટ પ્રોટેકશનની જોગવાઈ મુજબ એમ્બીઅન્ટ એર ક્વોલીટી સ્ટાન્ડર્ડ હોવુ જોઈએ તે જોતાં ડી.જે.સીસ્ટમ વગાડવા માટે ઉપર જણાવેલ તમામ જોગવાઈઓનો ઉલ્લંઘન કરતા હોય તેવું જાહેર જગ્યાએ ખુલ્લા સ્થળોએ વગાડવા પર પ્રતિબંધ છે.

પરંતુ નીચેની શરતોને આધિન અગાઉથી અધિકૃત પરવાનગી આધારે ઉપરોકત પ્રતિબંધમાંથી છુટછાટ રહેશે.

માઈક સીસ્ટમ વગાડવા માટેનો પ્રતિબંધમાંથી છુટછાટ માટેની શરતો

- અરજદાર અથવા તેના પ્રતિનિધિએ મળેલ પરવાનગી સાથે માઈક સીસ્ટમ/વાંજીત્રનો ઉપયોગ થાય તે સમયે ઉપરોકત જાહેર જગ્યા ઉપર હાજર રહેવું પડશે. ફરજ ઉપરના અધિકારી આ અંગેનો પરવાનો જોવા માંગે ત્યારે પરવાના ધારકોએ તે રજૂ કરવાનો રહેશે.
- માઈક સીસ્ટમ/વાંજીત્રનો ઉપયોગ ઉપરોકત અવાજની માત્રા દર્શાવતા શીડયુલ પ્રમાણે સવારના ૦૬:૦૦ થી રાત્રિના ક.૨૨:૦૦ સુધી જ થશે.
- અવાજ પ્રદુષણ (નિયમ અને પ્રતિબંધ) નિયમ ૨૦૦૦ની જોગવાઈઓ પ્રમાણે સામાન્ય રીતે માઈક સીસ્ટમ/વાંજીત્રનો ઉપયોગ રાતના ક.૧૦:૦૦ થી વહેલી સવારના ૦૬:૦૦ સુધીના સમય દરમ્યાન વગાડી ન શકાય તેવી જોગવાઈઓ હોઈ આ સમય માટે માઈક સીસ્ટમ/વાંજીત્ર માટે કોઈ પરવાનગી આપવામાં આવશે નહીં.

નોંધ:- ઉપરોકત નિયમોની જોગવાઈઓ પ્રમાણે દર વર્ષે સરકારશ્રી તરફથી નકકી કરેલ દિવસો દરમ્યાન આવી પરવાનગી રાતના ક.૧૦:૦૦ ના જગ્યાએ ક.૧૨:૦૦ વાગ્યા સુધી મળી શકશે.

- કોઈપણ વિસ્તારમાં ઘોંઘાટ/ અવાજ નો હવામાનમાં પ્રમાણ ઉપરોકત જણાવેલ શીડયુલમાં જણાવ્યા મુજબના ડેસીબલ પ્રમાણે દિવસ તથા રાત્રિ દરમ્યાન નામદાર સુપ્રીમ કોર્ટે ઠરાવેલ છે તે પ્રમાણે રાખવાનું રહેશે. પરવાનેદારે આ માત્રાનો ભંગ ન થાય તે જોવાનું રહેશે.

નોંધ:- કોઈ ઓડીટોરીયમ, કોન્ફરન્સ હોલ, કોમ્યુનીટી હોલ કે ખાનગી મકાન જેવા બંધ સ્થળો વિગેરેમાં માઈક સીસ્ટમ અંદરના ભાગે વગાડવા ઉપર કોઈ પ્રતિબંધ નથી પરંતુ તેનો અવાજ જે તે સ્થળ થી બહાર જવો જોઈએ નહીં.

- મંદિરો, ચર્ચ અને મસ્જીદોમાં માઈક સીસ્ટમ/વાંજીત્રનો અવાજ એ રીતે મર્યાદીત કરેલ હોવો જોઈએ કે સંકુલની હદ બહાર જાય નહીં.
- ગતિમાન વાહનમાંથી કોઈપણ માઈક સીસ્ટમ વાંજીત્રનો ઉપયોગ અધિકૃત કરેલા અધિકારીની પરવાનગી સિવાય કોઈપણ હેતુ માટે વાપરવો નહીં અથવા ચલાવવો નહીં.
- માઈક સીસ્ટમ વાંજીત્રનો પરવાનો ધરાવનાર વ્યક્તિ,આસપાસના રહેવાસીઓ અથવા રાહદારીઓને અડચણ,હરકત,અગવડ,જોખમ,ભય અથવા નુકશાન અટકાવવા માટે પોલીસ અધીક્ષકશ્રી,ગાંધીનગર તરફથી અધિકૃત કરેલ કોઈ પણ અધિકારી તેને યોગ્ય લાગે તેટલી મુદત માટે કોઈપણ જગ્યાએ પરવાનો ધરાવનારને માઈક સીસ્ટમ/વાંજીત્ર વાપરવા માટે મનાઈ કરવાનો હુકમ કરી શકશે.
- ફરજ પરનાં પોલીસ અધિકારી દ્વારા ઉપર જણાવેલ નિયમો તથા પરવાનગી પત્રમાં દર્શાવેલ વિસ્તાર અને સમય અંગે કોઈ ભંગ કરે તો વાહન તથા માઈક સીસ્ટમ/વાંજીત્ર અને તેના ઉપકરણો જપ્ત કરી કાયદેસર કરી શકશે.

આ જાહેરનામા હુકમના ભંગ બદલ ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ ની કલમ-૨૨૩ મુજબ ગુની નોંધી ઉપરોકત માલિક, ભાગીદારે, મેનેજર, સંચાલકની જામીન લાયક ગુના માટે ધરપકડ કરી તમામ માઈક સીસ્ટમ ગુનાના મુદ્દામાલ તરીકે કબજે કરવામાં આવશે.

આ હુકમ અન્વયે ગાંધીનગર જિલ્લામાં ફરજ બજાવતા અનામ આસિસ્ટન્ટ સબ ઈન્સપેકટર અને તેનાથી ઉપરના દરજજાના કોઈ પણ પોલીસ અધિકારીશ્રીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર ઈસમો સામે ભારતીય ન્યાય સંહિતા કલમ-૨૨૩ મુજબ ફરીયાદ માંડવા માટે અધિકૃત કરવામાં આવે છે.

આજ તા. ૧૮/૦૫/૨૦૨૬ના રોજ મારી સહી તથા કચેરીનો સિક્કો કરી આપ્યો.

રવિન્દ્ર ખતાલે,

જિલ્લા મેજિસ્ટ્રેટ, ગાંધીનગર.

Signature Not Verified
Signed by : BHOLUSINGH G THAKUR
Senior Manager
Government Central Press,
Gandhinagar
Date : 2026.06.04 14:02:51 IST